# મુદ્દા નં.૧ :– પોતાની સંસ્થા, કામગીરીઓ અને ફરજની વિગતો :–

## The Particulars of its Organization, functions and duties :-

સુરત મહાનગરપાલિકાની જુદી જુદી સેવાઓ અને ફરિયાદોના નિવારણની સગવડ પૂરી પાડવાના હેતુથી નાગરિક સુવિધા કેન્દ્રની શરૂઆત ૨૦૦૩ થી કરવામાં આવી છે. આ સેન્ટર ખાતે કોમ્પ્યુટર નેટવર્ક દ્વારા નાગરિક સેવાઓ જેવી કે જન્મ–મરણ નોંધણી , વેરા સ્વીકાર વિગેરે સેવાઓ પૂરી પાડવામાં આવે છે. હાલમાં સેન્ટ્રલ ઝોન નાગરિક સુવિધા કેન્દ્રમાં ૧–એકિઝ.આસીસ્ટન્ટ, ૧–પ્રથમ શ્રેણી કલાર્ક (હેડ કેશિયર), ૧૦–તાલીમાર્થી / ત્રીજી શ્રેણી કલાર્ક, ૦૮–કરારીય કોમ્પ્યુટર ઓપરેટર, ૩–પટાવાળા અને ૧–બેલદાર તથા મિલેનિયમ માર્કેટ નાગરિક સુવિધા કેન્દ્રમાં ૩–ત્રીજી શ્રેણી કલાર્ક,૨–પટાવાળા,૧–બેલદાર ફરજ બજાવે છે. નાગરિક સુવિધા કેન્દ્રમાં કામગીરી આ પ્રમાણે છે.

- જન્મ–મરણ પ્રમાણપત્ર
- કલેકશન : મિલ્કતવેરો, શિક્ષણ ઉપકર, વિવિધ ચાર્જીસ, ડીપોઝીટ, પરચુરણ આવક, પેનલ્ટી વ્યાજ વિગેરે
- મિલ્કત વેરાની સ્વઆકારણી, વિવિધ ફરિયાદોની નોંધણી, ઈ–મેઈલ/ડીજીટલ મીડીયા ધ્વારા આવતી ફરિયાદો
- મહાનગરપાલિકાના હોલ, ઓપન પ્લોટનું બુકીંગ
- મ્યુનિસિપલ ટેનામેન્ટ, ઈ.ડબલ્યુ.એસ.મકાનના હપ્તા તથા શોપીંગ કોમ્પ્લેક્ષનું ભાડુ
- ટી.પી.પાર્ટ પ્લાનની કોપી
- તમામ પ્રકારની અરજીઓનું સ્વીકાર કેન્દ્ર
- તમામ પ્રકારના ફોર્મ તથા મહાનગરપાલિકાની પ્રકાશિત પુસ્તિકાઓનું વેચાણ
- વેબસાઈટ ધ્વારા પ્રાપ્ત માહિતીઓની ઓનલાઈન સુવિધા www.suratmunicipal.gov.in ઉપરથી નીચેની સુવિધા મળી શકશે.
  - વિવિધ ફોર્મનું ડાઉન લોડીંગ
  - કમ્પ્લેઈન નોંધણી
  - ટેન્ડર નોટિસની માહિતી, વિવિધ કમિટિઓના એજન્ડા તથા મહાનગરપાલિકાની અન્ય જાહેરાતો
  - મહાનગરપાલિકાની રોજગારલક્ષી માહિતી
  - જાહેર માહિતી અધિકારની અરજીઓ સ્વીકારી તેમજ તે અંગેની ફી વસુલ કરવાની કામગીરી
- નાગરિકો પોતે મહાનગરપાલિકા અંગેની માહિતી ઈન્ફોર્મેશન કીઓસ્ક મશીન ધ્વારા સરળતાથી મેળવી શકશે.
- રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટની અરજીઓના નિકાલની કામગીરી
- પુર કે અન્ય કુદરતી આફત વખતે સોંપવામાં આવતી વધારાની કામગીરી.